## નિયામક, સમાજ સુરક્ષા ખાતાની કચેરી
## બ્લોક ન.૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

Phone no. 079 232 56322 Fax no. 079 232 56308 Email: dir-sd@gujarat.gov.in


ન.મકમ/બદલી/પરિપત્ર/૧૮-૧૯/5293 તા.૦૯-૦૮-૨૦૧૮

# પરિપત્ર

વડી કચેરી, ગાંધીનગર ખાતેના તથા જીલ્લા કક્ષાએ સંસ્થા/કચેરી ખાતે ફરજ બજાવતા અધિકારી/કર્મચારીઓને જણાવવાનું કે, સરકારી અધિકારી/કર્મચારીઓ બદલી માટે રાજકીય વગ કે દબાણ લાવતાં હોય છે આ બાબતે સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરના તા.૧૪/૦૭/૧૯૯૭ના ઠરાવ ક્રમાંક:-ખહલ/૧૦૯૭/૬૧૩/ક, મુજબ જે અધિકારી/કર્મચારી બદલી બાબતે રાજકીય વગ કે દબાણ લાવવાનો પ્રયત્ન કરશે તો જે તે અધિકારી/કર્મચારીના ખાનગી અહેવાલમાં તે અંગેની પ્રતિકૂળ નોંધ કરવામાં આવશે તથા તેઓ સામે ગુજરાત રાજય સેવા(શિસ્ત અને અપીલ) નિયમો, ૧૯૭૧ના પેરા-૬ મુજબ શિસ્ત વિષયક કાર્યવાહી હાથ ધરવાની ફરજ પડશે.

આ બાબત આપના તાબાના તમામ કર્મચારીઓના ધ્યાને મુકી ધટીત કાર્યવાહી કરશો અને અત્રેની કચેરીને અહેવાલ મોકલી આપશો.

નિયામક
સમાજ સુરક્ષા ખાતુ
ગુજરાત રાજય, ગાંધીનગર.

પ્રતિ,
વડી કચેરી, ગાંધીનગરના તમામ અધિકારી/કર્મચારીઓ તથા ખાતાના તાબા હેઠળની તમામ કચેરીઓ/સંસ્થાઓના કર્મચારીઓને જાણ તેમજ યોગ્ય કાર્યવાહી અર્થે જાણ સારૂ.

નિયામક, સમાજ સુરક્ષા ખાતાની કચેરી

બ્લોક ન.૧૬, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

Phone no. 079 232 56322 Fax no. 079 232 56308 Email: dir-sd@gujarat.gov.in


ન.મકમ/બદલી નિયત નમુનો/૧૮-૧૯/ 5395 તા. ૦૯-૦૮-૨૦૧૮

## પરિપત્ર

આથી ખાતાના તાબા હેઠળના સર્વે કચેરી/સંસ્થાના વડાઓને જણાવવાનુ કે, વડી કચેરીના ધ્યાને આવેલ છે કે કેટલાક અધિકારી/કર્મચારી બદલી માટે અત્રેની કચેરીને સાદી અરજી મોકલી આપે છે જે યોગ્ય ન હોઇ સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગ, ગાંધીનગરના તા.૨૫/૧૧/૨૦૦૫ના ઠરાવ ક્રમાંકઃ- ટીઆરએફ-૧૦૯૮-૧૪૩૨-ગ.૨માં જણાવ્યા અનુસાર નિયત નમુનામાં કચેરીના વડા મારફત મોકલી આપવા જણાવવામાં આવે છે. આ સાથે નિયત નમુનો સામેલ છે. નિયત નમુના વગરની સાદી અરજી ધ્યાને લેવામાં આવશે નહિ અને દફતરે કરવામાં આવશે.

આ અંગે કચેરીના વડાએ કોઇ પણ અધિકારી/કર્મચારીની નિયત નમુનાની અરજીની જરૂરી ચકાસણી કરી, બદલી માટેના વ્યાજબી કારણો તથા જે તે મહેકમની સંખ્યા તથા કચેરીના કાર્યભારણને ધ્યાનમાં રાખીને ભલામણ કરવાની રહેશે. આ બાબતે ખાલી પડનાર જગ્યાના કારણે જે પ્રશ્નો ઉભા થશે તે અંગેની જવાબદારી જે તે કચેરી/સંસ્થાના વડાની રહેશે. જેની નોંધ લેવી.

નિયામક
સમાજ સુરક્ષા ખાતુ
ગુજરાત રાજય, ગાંધીનગર.

બિડાણઃ- બદલી માટેનું નિયત નમુનાનું અરજી ફોર્મ

પ્રતિ,

વડી કચેરી, ગાંધીનગરના તમામ અધિકારી/કર્મચારીઓ તથા ખાતાના તાબા હેઠળની તમામ કચેરીઓ/સંસ્થાઓના કર્મચારીઓને જાણ તેમજ યોગ્ય કાર્યવાહી અર્થે જાણ સારુ.

D:Pension_file\letter.doc 1286